Amul The Taste of India

છ લાખ પશુપાલક પરિવારોના સુખનું સરનામું ...

Dudhsagar The Pride of India

મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. ની પ્રસ્તુતિ

# દૂધસાગર પત્રિકા

અંક : ૧૧ | વર્ષ - ૩ | મે - ૨૦૨૪ (સળંગ અંક : ૩૫)

www.dudhsagardairy.coop twitter.com/dudhsagardairy dudhsagardairyofficial youtube.com/c/DudhsagardairyCoop

## માનેસર ખાતે દહીંના વેચાણમાં ૧૮% નો વધારો નોંધાતાં

# બમણી ક્ષમતા સાથેનો દહીં પ્લાન્ટ કાર્યરત કરાયો



દૂધસાગર ડેરી ઉન્નતીના આકાશમાં રોજ નવા નવા આયામ પ્રાપ્ત કરે અને તેની સાથે જોડાયેલા લાખો પશુપાલક સભાસદો આ વટવૃક્ષની શિતળતાનો છાંયડો મેળવતા રહે તે માટે સમગ્ર નિયામક મંડળ તથા MD શ્રી સહિત ઉચ્ચ અધિકારીઓ અને વિશાળ દૂધસાગરના હજારો કર્મચારીઓ વર્તમાન સમયે કૃષ્ણના કર્મયોગને સિદ્ધ કરી રહ્યા છે. ભૂતકાળમાં દિલ્હી NCR ખાતે આવેલી દૂધમોતીસાગર ડેરી (માનેસર) માં દહીંના પ્લાન્ટની કેપેસીટી દૈનિક ૩૦ મેટ્રીકટનની હતી. દૂધસાગર ડેરીમાં વહિવટના સૂત્રો બદલાયા બાદ વેપારી દ્રષ્ટિકોણ અને સંસ્થા સાથે જોડાયેલા બીજા તમામ એકમો સાથે સૂમેળભર્યા સબંધો સ્થાપિત થવાના કારણે આપણી ડેરીનું ઉત્પાદન અને વેચાણ બંને વ્યવહારોમાં મેનેજમેન્ટને ધીમી પણ નક્કર સફળતા પ્રાપ્ત થઈ રહી છે.

દિલ્હીના બજારમાં માનેસર ખાતે તૈયાર થનાર દહીંના વેચાણમાં ૧૮ ટકાનો ધરખમ વધારો નોંધાતા વર્તમાન ૩૦ મેટ્રીક ટન કેપેસીટીના દહીં પ્લાન્ટની ઉત્પાદન ક્ષમતા ઓછી પડતી હોવાના કારણે મેનેજમેન્ટ દ્વારા વધુ કેપેસીટી વાળો દહીં પ્લાન્ટ ન નાખી ૩૦ મેટ્રીક ટન કેપીસીટી ના પ્લાન્ટમાં ફેરફાર કરી તેની ક્ષમતા ૬૦ ટન એટલે કે ; પ્રતિદીન ૬૦ મેટ્રીક ટન ક્ષમતાનો દહીં પ્લાન્ટ તા.૬ એપ્રીલ ૨૦૨૪ ના રોજ સંસ્થાના MD શ્રી. ધીરજકુમારના વરદ્ હસ્તે કાર્યરત કરવામાં આવ્યો છે.

પ્રગતિના પંથે દૂધસાગર

# સમયસરની સજાગતા



## પાવર - પાણી - પ્લાસ્ટિક ફીલ્મ - દૂધ તથા વરાળનો અભૂતપુર્વ બચાવ થશે

### 5 કરોડ 85 લાખના ખર્ચે પ્લાન્ટનું નવીનીકરણ કરવામાં આવ્યું | ISO ના તમામ ધારાધોરણો જળવાશે | સમયસર માલનું પેકિંગ તથા વિતરણ થઈ શકશે







મહેસાણા દૂધસાગર ડેરીમાં સ્થાનિક બજારમાં વેચવા માટે દૂધ અને છાશના પાઉચ પેકિંગ કરવાની શરૂઆત ૧૯૯૦ ના દાયકામાં કરવામાં આવી હતી. ભૂતકાળમાં જ્યારે દૂધ કેન દ્વારા આવતું હતું ત્યારે આપણે જેને “કેન ડોક”તરીકે ઓળખતા હતા. એ જગ્યાનો ઉપયોગ કરી “પાઉચ ડોક” ની વ્યવસ્થા ઉભી કરવામાં આવી હતી. ૧૯૯૦ માં આ પ્લાન્ટની કેપેસીટી ૮૦ હજાર લીટરની હતી અને તે સમયે આપણી પાસે કોલ્ડ સ્ટોરેજની કેપેસીટી ૭૯ હજાર લીટરની હતી. તબક્કાવાર - સમયની જરૂરીયાત પ્રમાણે તેમાં વિસ્તૃતીકરણ કરવામાં આવતું રહ્યું છે.

ભૂતકાળમાં આપણી ડેરી દ્વારા વધુમાં વધુ ૨ લાખ લીટર દૂધ છાશનું પેકીંગ થતું હતું. વર્તમાન સમય દરમ્યાન, મહેસાણા શહેર સહિત ઉત્તર ગુજરાતના આપણા કાર્યક્ષેત્રમાં આવતા વિવિધ નાના-મોટા શહેરો અને ગામડાઓમાં આપણા દૂધ, દહીં અને છાશની ભારે માંગ ઉઠવા પામી હોવાથી હાલમાં તેનું ૨ લાખ ૭૫ હજાર લીટરે વેચાણ થઈ રહ્યું છે. બજારમાં પૂરતો માલ - સમયસર મળી રહે તે માટે હવે આ પાઉચ પ્લાન્ટ તથા સ્ટોરેજ અને મશીનની કાર્યક્ષમતા તથા દૂધના ક્રેટ ધોવાની ક્ષમતામાં વધારો કરવો ખૂબ જ જરૂરી હોવાથી દૂધસાગર પ્રશાસન દ્વારા આ પ્લાન્ટનું નવિનીકરણ કરવા માટે બોર્ડ દ્વારા ૯ કરોડ રૂપિયાનો ખર્ચ કરવાની વહિવટીય મંજૂરી આપવામાં આવી હતી. પરંતુ દૂધસાગર ડેરીના MD શ્રી તથા ઉચ્ચ અધિકારીઓની સીધી નજર હેઠળ સંપૂર્ણ કરકસરથી આ પ્લાન્ટનું રીનોવેશન માત્ર ૫ કરોડ ૮૫ લાખ થી પૂર્ણ કરવામાં આવ્યું છે. આજે આ નવિનીકરણને પ્રાપ્ત થયેલો આ પ્લાન્ટ ૩,૫૦,૦૦૦ લીટર પાઉચ પેકિંગની ક્ષમતા ધરાવતો થયો છે એ સાથે આપણી પાસે અગાઉ જે કોલ્ડ સ્ટોરેજની કેપેસીટી જે ૧.૧૪ લાખ લીટરની હતી તેને વધારી ૨.૫૦ લાખ લીટરની કરી દેવામાં આવી છે. અગાઉ જે જૂની ટેકનીકના ત્રણ લો - સ્પીડ મશીનો હતા તે બદલીને આધૃનિક ટેકનીકના હાઈસ્પીડ મશીનની વ્યવસ્થા ઉભી કરાતાં આજે જરૂરીયાત પ્રમાણે દૂધ અને છાશની પેકીંગ વ્યવસ્થા સૂપેરે પાર પડી છે. જૂના પ્લાન્ટનું વૈજ્ઞાનિક ધોરણે નવીનીકરણ કરવામાં આવતાં આજે આ ડોક નો સમગ્ર દેખાવ ભવ્ય અને ડેરીને શોભતો થયો છે. નવીન ડોકમાં ISO ના તમામ ધારાધોરણો જળવાય તેનું સંપૂર્ણ ધ્યાન રાખવામાં આવ્યું છે. સ્વચ્છતા સાથે કોઈ સમાધાન નહીં એ સૂત્રનું આ નવીન ડોકમાં પૂરેપુરૂ અમલીકરણ થઈ રહ્યું છે. આ પ્લાન્ટનું નવીનીકરણ કરવામાં આવતાં સમયનો ભારે બચાવ થવા પામ્યો છે અને અગાઉ જે આખી રાત દરમ્યાન પાઉચ પેકિંગ થતું હતું તે આજે રાત્રીના ૧૦ વાગ્યે પૂર્ણ થઈ જતાં સવારે વેળાસર માલનો નિકાસ કોઈપણ તકલીફ વિના થઈ રહ્યો છે.

(ક્રમશ આગળના પેજ ઉપર)

**નવીનીકરણ થયેલા આ પ્લાન્ટમાં ક્રેટની સફાઈ માટે બે અત્યાર્ધુનિક હાઈ સ્પીડ વોશર મશીન લગાવવામાં આવ્યા છે જેનાથી સ્વચ્છતા ઉડીને આંખે વળગે તેવી થઈ રહી છે**

**ભૂતકાળમાં જે ક્રેટ સ્ટોરેજ એરિયા સીમીત હતો તેને ઉદારતાથી મોકળાશ આપવામાં આવી હોવાથી અગાઉ જે અવ્યવસ્થા ઉભી થતી હતી તેનું સંપૂર્ણ નિરાકરણ થવા પામ્યું છે**



પ્લાન્ટના આ નવીનીકરણથી જરૂરીયાત પ્રમાણેનો પુરવઠો સમયસર રીતે ગ્રાહકો પાસે ડિલરો દ્વારા પહોંચી રહ્યો છે તથા નવીન પ્લાન્ટમાં પાવર - પાણી - પાઉચ માટેના પ્લાસ્ટીક ફીલ્મનો બગાડ અટકી ગયો છે. દૂધ તથા વરાળના વેડફાટ ઉપર કાબુ આવ્યો છે. ડોક ઉપર સ્વચ્છતા તથા વિતરણ વ્યવસ્થા સુદ્રઢ બની છે આ પ્લાન્ટના નવીનીકરણથી દૂધસાગર સમયસર રીતે ગ્રાહકો સુધી પહોંચશે અને આપણા સભાસદોને આવનાર ભવિષ્યમાં આર્થિક રીતે પણ ઉન્નત કરશે.

# મતધર્મ નિભાવશે સાગરના છોરું

**મતદાન કરનાર દૂધ ઉત્પાદકને ડેરી એક દિવસ માટે પ્રતિલીટર એક રૂપિયો વધુ ચૂકવી પ્રોત્સાહન આપશે**



















ભારત ગણતંત્રની ૧૮ મી લોકસભાની સ્થાપના માટે જન પ્રતિનીધી ચૂંટવા સમગ્ર દેશમાં લોકસભા - ૨૦૨૪ ની ચૂંટણી શરૂ થઈ ચૂકી છે ત્યારે રાષ્ટ્રધર્મ નિભાવવાની આ ક્ષણે દૂધસાગર ડેરીએ પોતાની ૧૫૦૩ ગ્રામીણ દૂધ મંડળીઓમાં પરિપત્ર બહાર પાડી દૂધ ભરાવવાના સમયે પશુપાલકો પોતાના મતદાનની કિંમત સમજે તથા એક વોટનું શું મૂલ્ય હોય છે ? તેની સમજ આપી લોકતંત્રના આ સૌથી મોટા પર્વમાં ઉત્સાહ પૂર્વક ભાગ લેવા અને વધુમાં વધુ મતદાન થાય તથા દૂધસાગર ડેરીના કાર્યક્ષેત્રમાં આવેલી ગાંધીનગર - પાટણ અને મહેસાણા લોકસભા ચૂંટણીમાં મહેસાણા દૂધસંઘ સાથે જોડાયેલા તમામ પશુપાલકો આગામી ૭ મે ના રોજ દિવસની શરૂઆત પોતાનો મત આપવાથી કરી અને ત્યારબાદ કોઈ અશક્ત વ્યક્તિને મદદ કરી તેની પાસે મતદાન કરાવવાનો ગામે ગામ સંકલ્પ લેવડાવવામાં આવ્યો હતો. પશુપાલકોએ ૧૦૦% મતદાન કરી વિકસીત ભારતનું નિર્માણ કરવા સંકલ્પબધ્ધ બની અને આ મતદાન થકી દૂધસાગર ડેરીનું ગૌરવ વધારવા કટિબધ્ધતા વ્યક્ત કરી હતી.

# ગુજરાત લોકસભાની 26 વ

આપણે આપણા નરેન્દ્રભાઈને સતત સાડા તેર વર્ષ સુધી ગુજરાતના મુખ્યમંત્રી તરીકે વહિવટ કરતા જોયા છે. આપણે એમના ગુજરાત શાસનમાં અનુભવ્યું છે કે ; સુશાસન કોને કહેવાય ? યાદ કરો એ દિવસો : નરેન્દ્રભાઈ ગુજરાતમાં મુખ્યમંત્રી બની ને આવ્યા તે પહેલાં આપણા ગુજરાતના રોડ રસ્તાઓની હાલત શું હતી ? યાદ કરો એ દિવસો : નરેન્દ્રભાઈ ગુજરાતમાં નહોતા ત્યારે આપણી વિજળી પાણીની દશા શું હતી ? નરેન્દ્રભાઈના આગમન પહેલાંના કોમી રમખાણો તમને યાદ છે ? આજની પેઢી કરફ્યૂ શબ્દને જાણતી નથી એની પાછળ નરેન્દ્રભાઈની મજબૂત ભૂમિકા રહી છે એ તમે ભૂલી તો નથી ગયા ને ? નરેન્દ્રભાઈ મોદી પહેલાંના ગુજરાતમાં ઔધોગિક ક્ષેત્રે આપણે આજે છીએ ત્યાં હતા ખરા ?

નરેન્દ્રભાઈએ રાત-દિવસ જોયા વિના એક મુખ્યમંત્રી તરીકે એક આખા રાજ્યનું આમૂલ પરિવર્તન કેવી રીતે થઈ શકે તેનું ભારત અને વિશ્વ સમક્ષ એક મજબૂત અને અડીખમ ઉદાહરણ પુરું પાડ્યું ત્યારે તો સમગ્ર દેશમાં ગુજરાત મોડલની ચર્ચા થવા લાગી. કચ્છના રણને નરેન્દ્રભાઈ સિવાય કોણ નંદનવન બનાવી શકે ? ગુજરાતના કિનારે ૧૬૦૦ કિલોમીટર સુધી પથરાયેલા અફાટ સાગરનો ભરપૂર સદ્‌ઉપયોગ નરેન્દ્રભાઈ સિવાય કોણ કરી શકે ? ઉત્તર ગુજરાતની બંજર ભૂમિ ઉપર નર્મદા મૈયાના પાણી તો આ વિરલો જ લાવી શકે ? સરદાર સરોવરની ઉંચાઈ - ડેમના દરવાજા અને સ્ટેચ્યું ઓફ યુનીટી દ્વારા સરદાર સાહેબને તેમની ક્ષમતા પ્રમાણે મજબૂત શ્રધ્ધાંજલિ તો આ વડનગરનો હિરાબાનો દિકરો જ આપી શકે !! સુરત - અમદાવાદ - વડોદરા - રાજકોટ - ભૂજ જેવા શહેરો આજે જે દેખાય છે અને અહીં ના નાગરિકોને જે અભૂતપુર્વ સુવિધાઓ પ્રાપ્ત થઈ છે એનો શ્રેય મોદી સાહેબને જ જાય છે !! કચ્છમાં ભૂકંપ આવ્યો એ પછી આખી દુનિયા કહેતી હતી : હવે ગુજરાતને બેઠું થતાં દશકાઓ લાગી જશે - ત્યારે - ઉત્તર ગુજરાતના આ પાણીદાર દિકરાએ સાબિત કરી બતાવ્યું કે મહેનત કરવાની ક્ષમતા અને પ્રજાજનો માટેનો કર્તવ્યભાવ તો ફિનીક્સ પક્ષીની જેમ રાખમાંથી બેઠાં થવાની તાકાત આપે છે.

અને ત્યારે તો, ભારતની જનતાએ સતત તેર વર્ષથી વધુ સમય નરેન્દ્રભાઈનો વહિવટ જોઈ-એમનું ગુજરાત મોડલ નિહાળી..આપણા નરેન્દ્રભાઈને દેશ માટે માગ્યા હતા ! મુખ્યમંત્રી પદ સન્માનભેર છોડી જ સંભાળવા જઈ રહ્યા હતા ત્યારે એક જાણે પરદેશ જઈ રહ્યો હોય તેવી સ્વ ઘણા તો એવા લાગણીશીલ બન્ નરેન્દ્રભાઈએ હજી દશ વર્ષ ગુજરાત સેવા માટે જવું જોઈએ. પણ આપણે કુટુંબકમ ની ઉચ્ચ ભાવના ધરાવતી માટે એ દિવસોમાં ભારે હૈયે દિલ્હી તર હતી.


આજે ગુજરાતનો આ દિકરો ભારત માંનું નામ અને એનો વિશાળ પ્રજા આજે ગૌરવ અનુભવી રહી છે. એ અને ૨૦૪૭ માં ભારતની આઝાદીના ઉપર આપણી ભારત માતા ગૌરવપૂર્ણ કરે તે માટે આપણા મોદી સતત મથી જેમ લક્ષ્મણનો સાથ હતો તેમ આપણ સાથે છે ત્યારે અયોધ્યાની પ્રજાની જે મોદી સાહેબ ઘરના પાસે મત માગવાન !! તમે બંને તો અમારા ગુજરાતના આઝાદીના આંદોલનમાં ગુજરાતના સાહેબે મહત્વની ભૂમિકા ભજવી હ નિર્માણમાં પણ બે ગુજરાતીઓ મોદી સાહેબ પોતાનું શ્રેષ્ઠ યોગદાન આપી કરીને આપણા ઉત્તર ગુજરાતીઓ માટે ભારત પાંચમા નંબરની અર્થ વ્ય આત્મનિર્ભર બન્યું છે આજે ભારતમ બહાર આવ્યા છે આજે ભારતનું દુનિ વાતો આપણે યાદ રાખી આપણા મજબૂત કરવા કરીશું તેવી આશા અપે

# ...ેઠકો મોદીજીને શા માટે ?

**અશોક ચૌધરી (ચેરમેન : દૂધસાગર ડેરી - મહેસાણા**

! નરેન્દ્રભાઈ જ્યારે ગુજરાતનું
યારે દિલ્હી તરફ દેશનું સુકાન
એક ગુજરાતીએ પોતાનો દિકરો
જન જેવી વેદના અનુભવી હતી.
થા હતા કે ; કહેતા હતા ...
ને આપવા જોઈએ પછી દેશની
ો તો ગુજરાતી પ્રજા : વસુધૈવ
પ્રજા છીએ. આપણે દેશના હિત
રફ જવા આ દિકરાને રજા આપી

આખા વિશ્વમાં છવાઈ ગયો છે.
ા ખોળો તથા એ ખોળામાં રમતી
ેક નૂતન ભારતનું નિર્માણ થાય
સો વર્ષ પૂર્ણ થાય ત્યારે પૃથ્વી ગ્રહ
રીતે ઉભી રહી વિશ્વનું માર્ગદર્શન
રહ્યા છે અને ભગવાન શ્રીરામને
ા અમિતભાઈ શાહ સતત તેમની
મ સમગ્ર ગુજરાતે કહેવું જોઈએ :
ો ના હોય? હક થી લેવાનો હોય
અણમોલ રત્નો છો !! મિત્રો,
બે સપૂતો ગાંધીજી અને સરદાર
ી અને આજે નૂતન ભારતના
સાહેબ અને અમિતભાઈ શાહ
રહ્યા છે જે ગુજરાત અને ખાસ
ર તો ગૌરવની વાત ગણાય આજે
વસ્થા બન્યું છે. આજે ભારત
ાં ૨૫ કરોડ લોકો ગરીબી રેખાની
યામાં ગૌરવ વધ્યું છે ત્યારે આ
મતનો ઉપયોગ મોદી સાહેબને
ક્ષા સાથે... આપનો...












# સહકાર સંમેલન (હારીજ)

લોકસભા-૨૦૨૪ ની ચૂંટણીમાં ભારતીય જનતા પક્ષના ગાંધીનગર - મહેસાણા અને પાટણના લોકસભાના ઉમેદવારો જંગી મતોથી વિજયી બને તે માટે મહેસાણા દૂધસાગર ડેરીના ચેરમેનશ્રી તથા નિયામક મંડળના સભ્યો અથાગ મહેનત કરી કેસરીયો લહેરાવવા કટીબદ્ધ બન્યા છે.

તા.૨૬ એપ્રિલના રોજ પાટણ લોકસભા વિસ્તારમાં સમાવિષ્ટ ચાણસ્મા, હારીજ, શંખેશ્વર અને સમી તાલુકા માટે સહકાર સંમેલન આયોજિત કરવામાં આવ્યું હતું. જેમાં મહેસાણા ડિસ્ટ્રીક્ટ બેંકના ચેરમેનશ્રી. વિનોદભાઈ પટેલ, પાટણ જિલ્લા ભાજપના પ્રમુખશ્રી. દશરથજી ઠાકોર, પૂર્વ મંત્રીશ્રી. દિલીપજી ઠાકોર, APMC પાટણના ચેરમેનશ્રી. સ્નેહલભાઈ પટેલ, નિયામક મંડળના સાથી સભ્યશ્રી. અમરતભાઈ દેસાઈ, શ્રી.સક્તાભાઈ ભરવાડ સહિત સહકારી ક્ષેત્રના અગ્રણીઓ અને મોટી સંખ્યામાં દૂધ ઉત્પાદક મંડળીઓ, સહકારી બેંકના કારોબારી સભ્યો, સેવા મંડળી અને ગૌ પાલક મંડળીના સભ્યો સહિત પશુપાલકો ઉપસ્થિત રહ્યા હતા.

# સહકાર સંમેલન - પાટણ












ખેડૂતો અને પશુપાલકોની આર્થિક ઉન્નતી માટે સતત પ્રયત્નશીલ એવી મોદીસરકારને લોકસભા -૨૦૨૪ ની ચૂંટણીમાં ભવ્ય વિજય અપાવવાના સંકલ્પને સિદ્ધ કરવા મહેસાણા દૂધસાગર ડેરી દ્વારા તાજેતરમાં પાટણ લોકસભા મત વિસ્તારમાં સામેલ પાટણ, સરસ્વતી, સિધ્ધપુર તાલુકાના ખેડૂતો અને પશુપાલકો સાથે વિચાર વિમર્શ કરવા તથા ભારે પ્રમાણમાં ભાજપા તરફી મતદાન થાય તે માટે સહકારી સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે દૂધસાગર ડેરીના ચેરમેન શ્રી.અશોકભાઈ ચૌધરી, મહેસાણા ડિસ્ટ્રીક્ટ બેંકના ચેરમેન શ્રી.વિનોદભાઈ પટેલ, પાટણ જિલ્લા પ્રમુખ દશરથજી ઠાકોર, પૂર્વ મંત્રીશ્રી. રણછોડભાઈ દેસાઈ, APMC પાટણના ચેરમેન શ્રી. સ્નેહલભાઈ પટેલ, દૂધસાગરના ડિરેક્ટરશ્રી. રમેશભાઈ દેસાઈ અને શ્રી. પ્રધાનજી ઠાકોર સાથે મોટી સંખ્યામાં સહકારી આગેવાનો અને પ્રતિનીધીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# સહકાર સંમેલન
(ત્રિમંદીર - અડાલજ)















મોદી સરકાર દ્વારા કેન્દ્રમાં સહકાર મંત્રાલયની સ્થાપના બાદ કેન્દ્રીય સહકાર મંત્રી શ્રી. અમિતભાઈ શાહ દ્વારા પશુપાલકો અને ખેડૂતોના ઉજ્જવળ ભવિષ્ય માટે સહકારથી સમૃદ્ધિની જે ઉદાર ભાવના અને એ દિશામાં નક્કર કામગીરી આગળ વધારવામાં આવી છે એનાથી લાભાન્વિત દૂધસાગર ડેરીના ચાર હજારથી વધુ પશુપાલકોએ ગત તા.28 અપ્રિલના રોજ અડાલજ (ત્રિમંદીર) ખાતે આયોજિત થયેલ સહકાર સંમેલનમાં હાજરી આપી પોતાની પ્રશંસા વ્યક્ત કરી સો ટકા ભાજપ તરફી મતદાન કરી મોદી સાહેબના હાથ મજબૂત કરવાનો સંકલ્પ લીધો હતો.

### સહકાર અને અસહકાર બંનેમાં ગુજરાત આઝાદી સમયથી મોખરે છે

## અંગ્રેજો સામેની લડાઈમાં અસહકારની લડત ગાંધીજી અને સરદારે લડી હતી આજે રાષ્ટ્રવિકાસ માટે સહકારની લડત મોદીજી અને શાહ લડી રહ્યા છે મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલ






દશ હજાર થી વધુ લોકો કે જેઓ વિવિધ સહકારી સંસ્થાઓ સાથે જોડાયેલા આગેવાનો અને પ્રતિનીધીઓનું મહા સહકાર સંમેલન તાજેતરમાં ગાંધીનગર (અડાલજ) ત્રિ-મંદિર ખાતે રાજ્યના માનનીય મુખ્યમંત્રીશ્રી. ભુપેન્દ્રભાઈ પટેલ તથા પ્રદેશ અધ્યક્ષ શ્રી. સી.આર. પાટીલજીની વિશેષ ઉપસ્થિતીમાં યોજવામાં આવ્યું હતું.

ખૂબજ ઉત્સાહ - ઉમંગ સાથે મોદીસાહેબ તથા શાહ સાહેબની કાર્યપ્રણાલી અને દેશપ્રેમને પોતાનું અનુમોદન આપવા અને આગામી લોકસભા ની ચૂંટણીમાં ભવ્યાતિભવ્ય વિજય અપાવવાના દ્રઢ સંકલ્પ વ્યક્ત કરવાની આ સભામાં ગુજરાત રાજ્યના સહકાર મંત્રી શ્રી. જગદીશભાઈ પંચાલ તથા સહકાર સેલના સંયોજક શ્રી. બિપીનભાઈ પટેલ (ગોતા) સહિત સમગ્ર ગુજરાતની વિવિધ સહકારી સંસ્થાઓના ચેરમેનશ્રીઓ, સહકારી ક્ષેત્રે સંકળાયેલા આગેવાનો, પશુપાલકો તથા વિવિધ સહકારી સંસ્થાઓ સાથે જોડાયેલા સભાસદો ઉપસ્થિત રહી ભાજપને ભવ્ય અને દિવ્ય જીત સાથે 400 પારનો સંકલ્પ ચરિતાર્થ કરવા વહેલી સવારે મતદાન કરીશું તથા કરાવીશું તેવી નેમ વ્યક્ત કરી હતી.

# દૂધસાગરના કર્મચારીઓનું અતૂટ બંધન અને લાખો ગ્રાહકોનો વિશ્વાસ એટલે

# સહયોગ ગૌરવગાથા






વર્ષ 1988 માં ભારતીય ફિલ્મ જગતને એક સુપર ડુપર હીટ હિન્દી ફિલ્મ “કયામત સે કયામત તક” જોવા મળી હતી. આ ફિલ્મનું ઘણું બધુ શુટીંગ ગુજરાત બોર્ડર ઉપર આવેલા રાજસ્થાનના માઉન્ટ આબુમાં થયું હતું. એક સમી સાંજે અચાનક ચાર વૈભવી ગાડીઓનો કાફલો મહેસાણા દૂધસાગર ડેરી સામે આવેલ સહયોગની મુખ્ય શાખા આગળ આવીને ઉભો રહે છે. એક ગાડીમાંથી એક યુવક અને યુવતી બહાર આવી ... આ દૂધસાગર ડેરી સંચાલિત સહયોગ છે ? એની ખાતરી કરે છે અને ત્યારબાદ વારંવાર એક કાળા રંગની ગાડીમાં પુછપરછ કરી જુદી જુદી મીઠાઈઓ પસંદ કરી મસમોટી ખરીદી કરે છે. અને તેમાંથી થોડીક મીઠાઈઓ એક બોક્સમાં અલગ કરાવી એ કાળી ગાડીમાં આપવા જાય છે ત્યારે જોનારાઓના નજરે પડે છે : મશહુર ફિલ્મ અભિનેતા ... આમિર ખાન !!

અમિતાભ બચ્ચન અને ધર્મેન્દ્ર તથા હેમામાલીની અભિનીત રમેશ સિપ્પીના દિગ્દર્શીત શોલે ફિલ્મના જેલર અસરાની ને કોણ ના ઓળખે ? આ અસરાની જીવંત પર્યંત મહેસાણા દૂધસાગર ડેરી સંચાલિત સહયોગની મિઠાઈઓના ગ્રાહક અને ચાહક રહ્યા છે. તેઓ જ્યારે જ્યારે પણ સહયોગની મૂલાકાત લેતા ત્યારે કાઉન્ટરમાં ચાલ્યા જતા અને દરેક મિઠાઈનો સ્વાદ માણી તેમાં શું શું વપરાય છે ? તેની સંપૂર્ણ માહિતી લેતા અને સહયોગ હવે બજારમાં નવી મિઠાઈ મુકે તો જાણ કરવાનું અચૂક કહેતા. અસરાની સહયોગની ભાખરવડી અને કાલાજામના પ્રત્યે હમેશાં કાયલ રહ્યા હતા.

આજ રીતે આપણા ઉત્તર ગુજરાતની ભવાઈને ભરપૂર નામના અપાવનાર અને નાટ્યમંચથી ટેલિવીઝનના માધ્યમ સુધી પહોંચી- તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા થકી સમગ્ર દેશ અને વિદેશમાં નટુકાકા તરીકે જાણીતા થયેલા આપણા ઉમતા ગામના સ્વ.શ્રી ઘનશ્યામ નાયકને કોણ ના ઓળખે ? આ ઘનશ્યામ દાદા જ્યારે જ્યારે મહેસાણાથી નીકળ્યા છે ત્યારે ત્યારે સહયોગની મૂલાકાત તેમની પાક્કી !! તેઓ કહેતા : મુંબઈમાં મને મારું ગામ ઉમતા અને આ સહયોગના પેંડા હંમેશા મારા સ્મરણમાં રહે છે. એકવાર તો તેમણે કોઈ પ્રસંગે આખી તારક મહેતા યુનિટને સહયોગની તમામ મિઠાઈઓ ખવડાવી હતી તેવું તેઓ ગૌરવથી કહેતા હતા. મહેસાણામાં રાધનપુર રોડ ઉપર નવિન ખૂલેલ પટેલ જ્વેલર્સ શો-રૂમના ઉદ્‌ઘાટન પ્રસંગે તેઓ દિલીપ જોષી (જેઠાલાલ) અને તન્મય વેકરીયા (બાઘો) સાથે આવેલા ત્યારે પ્રસંગ પૂર્ણ કરી તેમની ગાડી તો આપણી સહયોગ તરફ જ વળેલી...

આજ રીતે, હમણાં બે વર્ષ અગાઉ ચૌમાસાની ઋતુમાં ખેરાલુ કોલેજ ખાતે પોતાનું પ્રવચન વહેલી સવારે આપવાનું હોઈ ગુજરાતના લબ્ધ પ્રતિષ્ઠિત લેખક - મોટીવેશનલ સ્પિકર એવા જય વસાવડા દૂધસાગર ડેરીના ગેસ્ટ હાઉસમાં મહેમાન બની રાત્રી રોકાણ માટે પધાર્યા હતા. ત્યારે વહેલી સવારે તેમને ડેરી વતીથી આવકારવા કેટલાક પ્રતિનીધી ગયા ત્યારે તેમણે શાલથી સન્માન કરવાને બદલે સહયોગની મીઠાઈઓથી સન્માન લેવાનું હસતાં-હસતાં પોતીકાપણાની લાગણીથી કહ્યું - તેઓ બોલ્યા : હું આજે ડેરીમાં પહેલીવાર રોકાયો છું પરંતુ, આ ડેરી દ્વારા ચાલતી સહયોગ સંસ્થાની મીઠાઈઓથી પૂર્ણ રીતે વાકેફ છું. અહીંના કાલાજામ, ભાખરવડી, કાજુકતરી અને મોહનથાળ જેવો સ્વાદ દુનિયામાં બીજે ક્યાંય નથી હું તો સ્વાદબ્રહ્મનો પૂજારી છું એટલે સારું અને સ્વાદિષ્ટ ક્યાં મળે એ મારાથી છુંપુ ના રહી શકે !!

સહયોગના જૂના સંચાલકો સાથે દૂધસાગર પત્રિકાએ તેના માનવંતા ગ્રાહકો વિશે જાણવા માગ્યું ત્યારે ખબર પડી કે ; આમ તો અનેક ફિલ્મી હસ્તીઓ અને વિશ્વ નામાંકિત ઉધોગપતિઓ સહયોગની મિઠાઈઓ પસંદ કરે છે અને જ્યારે જ્યારે અહીંથી પસાર થાય છે ત્યારે ત્યારે તેઓ આ મિઠાઈ લઈ જતા હોય છે. પણ, સુરક્ષાના કારણે તેઓ પોતે સહયોગ શો-રૂમ સુધી આવતા નથી. તેમના માણસો ખરીદી કરી જાય છે. આ લોકો પોતાના ત્યાં શુભ પ્રસંગે પણ સહયોગની મિઠાઈ ત્રાહિત વ્યક્તિઓ પાસે મંગાવતા હોય છે. પેકિંગ માટે વિશેષ સૂચનાઓ જથ્થાબંધ મિઠાઈઓ માટે મળે ત્યારે સહયોગ સમજી જાય છે કે કોઈ વ્યક્તિ વિશેષ માટે આ મિઠાઈઓ જઈ રહી છે !! ભૂતકાળમાં ફિલ્મ જગતની વાત કરીએ તો ઉપેન્દ્ર ત્રિવેદી, અરવિંદ ત્રિવેદી, ટીકુ તલસાણીયા જેવા ઉમદા કલાકારો સહયોગના હંમેશના માટે ગ્રાહક રહ્યા છે. ગુજરાત અને દેશના લગભગ તમામ રાજકીય નેતાઓ અલગ અલગ પ્રસંગે સહયોગની મિઠાઈ ચાખી ચૂક્યા છે ત્યારે આપણી સહયોગ શું છે ?

સહયોગની શરૂઆત શા માટે કરવામાં આવી ? સહયોગની શરૂઆત ક્યારે થઈ ? સહયોગના ભવ્ય ભૂતકાળ વિશે અને સહયોગના દિવ્ય વર્તમાન વિશે તથા તેની કાર્ય કૂશળતા અને આ લોકપ્રિયતા ના લક્ષણો થકી તેને ઓળખીશું...

**આવતા અંકે :**

મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. વતી ચેરમેનશ્રી તથા નિયામક મંડળ અને મેનેજીંગ ડિરેક્ટરની સલાહ સૂચન મુજબ તંત્રીઃ મહેશ ચૌધરીએ સંકલન, સંપાદન કરી સદર સામયિક પ્રસિધ્ધ કરેલ છે.
આસ્થા ડિજીટલ, મહેસાણા